# ભિલોડા નજીક અકસ્માતે ટ્રેક્ટર પલટી ખાતા ૧૦ના મોત

ભિલોડા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામ નજીક શુક્રવારના રોજ સવારે અચાનક એક ટ્રેક્ટર પલટી ખાઈ જતા ૧૦ના મોત નીપજ્યા હતા અને ૨૫ થી વધુને ઈજા થવા પામી હતી જ્યારે એક ગંભીર ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે ભિલોડા પોલીસને જાણ થતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા ભિલોડા પીએસઆઈ - વી.યુ. ચાવડાએ જણાવેલ કે શુક્રવારના રોજ સવારે ભિલોડાથી વિજયનગર માર્ગ પર ૧૮ કિમી દૂર આવેલ ભિલોડાના કુંડોલપાલ ગામેથી ગામના લોકો ત્રણ ટ્રેક્ટર ભરીને લોકાચાર જવા માટે ધંધાસણ જવા નીકળ્યા હતા. દરમિયાન ૯ વાગેની આસપાસ ગામ નજીક ઉતરતા ઢાળમાં અચાનક ટ્રેક્ટર રોડ સાઈડ પલટી ખાઈ ગયું હતું જેમાં રોડ સાઈડે ચાલતા કેનાલના કામના પત્થરો પર ટ્રેક્ટરમાં બેઠેલા લોકો પટકાયા હતા. પરિણામે માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થવા પામી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં સ્થળ પર બે ના મોત નીપજ્યા હતા અને ૩૪ જેટલા ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે તાત્કાલિક ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં પ્રાથમિક સારવાર દરમિયાન બે ના મોત નીપજ્યા હતા અને ૩૨ ને વધુ સારવાર માટે વિવિધ ખાનગી વાહનો દ્વારા હિંમતનગર સિવિલ હોસ્પિટલ અને શહેરની ખાનગી હોસ્પિટલ મેડીસ્ટારમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં હિંમતનગરમાં સારવાર દરમિયાન બે ના મોત નીપજ્યા હતા અને મેડીસ્ટાર હોસ્પિટલમાં સારવાર દરમિયાન ચારના મોત નીપજ્યા હતા. જ્યારે હિંમતનગર સિવિલમાં ૧૬ જણા સારવાર અને મેડીસ્ટાર હોસ્પિટલમાં આઠ સારવાર હેઠળ છે. જ્યારે વધુ એક ગંભીરને અમદાવાદ સિવિલમાં સારવાર માટે ખસેડાયેલ છે.

### મૃતકોના નામ

દાનજી નાનજી ડામોર
જોરાજી કડવાજી ડામોર
બાબુ રામા ડામોર
મગન રામા ડામોર
માવજીભાઈ કમજીભાઈ ડામોર
જીતુભાઈ ખાતુભાઈ ડામોર
નીતેશ રામજી ડામોર-૨૩
જીવાજી કાલાજી ડામોર-૬૦
ચંદુ સોજાજી ડામોર-૪૫
બદાજી ધુળાજી ડામોર-૪૦

## ડીસાના બિહારી બાગ ગવાડીમાં શિશુનું માથું મળતા પોલીસ ફરિયાદ

ડીસા, તા. ૨૪

ડીસાના સ્લમ વિસ્તાર એવા બિહારી બાગ ગવાડીમાં રસ્તા પર રઝળતું એક તાજા જન્મેલા બાળકનું માથું મળી આવ્યાની ઘટના પ્રકાશમાં આવેલી છે જેનાથી આ શિશુના ધડને શોધી કાઢવા સ્થાનિકોએ કવાયત હાથ ધરેલ છે.



આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસા ખાતે આવેલા શ્રમજીવી વિસ્તાર એવા ગવાડીનાં બિહારી બાગ પાસેથી એક ટેનીસનાં દડા આકારનું મૃત બાળકનું માથું મળી આવ્યું હતું. જોતા એવું લાગતું હતું કે તે કોઈ નવજાત બાળકનું છે ત્યારે સવાલ એ ઉભો થયો કે માનવ વસાહત આજુબાજુ બાળકનું માથું કોણ લઈ આવ્યું? તો વળી બાળકનું ધડ કયાં હશે આ સિવાય બીજા અનેક પ્રશ્નો ઉભા થયા. ત્યારે આ સમગ્ર મામલાની સાચી તપાસ માટે અહીંના સ્થાનિકોએ તપાસ હાથ ધરતા આ સમગ્ર મામલો ચકચારી બન્યો છે.

આ ઘટનાની ડીસા દક્ષિણ પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને ધડ વિનાનાં નવજાત બાળકની આ ખોપરીનો કબજો મેળવ્યો હતો અને આ કામે સેવાભાવી મનુભાઈ આશ્રાનીએ પોલિસ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે દક્ષિણ પોલીસે આઈ.પી.સી. કલમ ૩૧૮ મુજબ અજાણી વ્યકિત સામે ગુનો નોંધી મળી આવેલ બાળકની ખોપરીને પી.એમ. અર્થે ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપી તપાસ હાથ ધરેલ છે. આ મામલાની તપાસ લોકલ ક્રાઈમ અને એફ.એસ.એલ. મારફતે સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે કરાય તો સત્ય બહાર આવશે તેવું મળી આવેલ ખોપરી પરથી લાગતા આ ઘટના ભારે રહસ્યમય બનેલ છે.

(તસવીર : કાન્તિલાલ લોધા)



(તસવીર : મગનજી વણઝારા)

-જાસત્તાક પર્વ રાજય મહોત્સવની ઉજવણી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં થઈ રહી છે. મહામહિમ રાજયપાલ ડૉ.કમલાજી બેનીવાલ અને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસથિતિમાં મનાવવામાં આવનાર -જાસત્તાક પર્વની ઉજવણીનો થનગાટ સમગ્ર જિલ્લમાં જોવા મળી રહયો છે. હિંમતનગર શહેર રોશનીથી ઝગમગી રહયું છે. તો શહેરના રાજમાર્ગો ઠેર ઠેર બેનરો અને પતાકાઓથી શોભી રહ્ના છે. રાષ્ટ્રીય પર્વોની ઉજવણી પાટનગરના બદલે જિલ્લા કક્ષાએ ઉજવવાના અભિગમને જિલ્લાવાસીઓએ બિરદાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાબરકાંઠા ખાતે થઈ હતી ત્યાર પછી આ -જાસત્તાક પર્વની ઉજવણી અહીં થઈ રહી હોવાના કારણે નગરજનો અને જિલ્લામાં એક અભૂત પૂર્વ ઉત્સાહનું મોજુ દેખાય છે. તો ઉજવણીના કારણે શહેર અને જિલ્લાના સ્વાતંત્ર્યવીરો પણ આ પર્વની ઉજવણીને જિલ્લાના ગૌરવ સમાન ગણાવી છે. નગર અને જિલ્લાના તમામ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓના મકાનો રોશનીથી ઝળહળી ઉઠ્યા છે તો શહેરના બાગ બગીચાઓ પણ નવા શણગાર સજીને નગરજનોને આવકારવા થનગની રહ્ના છે.

## હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ૯૪૪ લાખના વિકાસ કામોનું ખાત મુહૂર્ત - લોકાર્પણ કરાયા

### ગુજરાતે વિકાસના નવા સીમા ચિન્હો સર કર્યા છે : આનંદીબેન પટેલ

હિંમતનગર, તા. ૨૪

શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું છે કે, ગુજરાતે વિકાસના નવા સીમા ચિન્હો સર કર્યા છે. રાજયના લાખના ખર્ચે હાથ ધરાનાર અને ધરાયેલા વિકાસ કામોના ખાતમુહર્ત-લોકાર્પણ શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે કરાયા હતા.




(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

વિકાસની કુચ અવિરત આગળ વધી રહી છે અને એટલે જ દેશ આખામં ગુજરાતનું વિકાસ મોડેલ વખણાયું છે એમ તેમણે ઉમેર્યુ હતું.

-જા સત્તાક પર્વની રાજય કક્ષાની ઉજવણી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં થઈ રહી છે. તેના ભાગ રૂપે આજે હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૯૪૪

આ -સંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતં કે -જાકીય કામો ઝડપથી થાય તથા તેમાં પારદર્શીય વહીવટની -તિતી થાય તેવો સરકરનો અભિગમ રહ્નો છે. સાથે સાથે -જાને એક જ સ્થળેથી આવકના દાખલા તથા સાત બારના ઉતારા મળે તે માટે જન સેવા કેન્દ્રો કાર્યરત કરાયા છે. ટેકનોલોજીનો મહત્તામ ઉપયોગ કરીને -જાની સુવિધાઓ વધારવાનો અભિગમ રાજય સરકારે અપનાવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નવ નિર્મિત જિલ્લા -તાલુકાઓમાં એક જ સ્થળે તમામ સરકારી કચેરીઓ કાર્યરત થાય એટલું જ નહી પરંતુ અધ્યતન ટેકનોલોજી અને સુવિધાઓ સાથે આ મકાનો બને તેવો પણ -યાસ કરાયો છે.

-જાને પારદર્શક વહીવટની -તિતી કરાવતી યોજનાઓ ઉપરાંત શિક્ષણ, રસ્તા, આરોગ્ય, વીજળી, પાણી પુરવઠો સહિત શહેરી વિકાસ અને મહેસૂલી સરળકરણ કરતા કાયદાઓની જાણકારી આપી હતી.



(તસવીર : ચેતન રામી, પાટણ)

પાટણની ઐતિહાસિક રાણીની વાવ ખાતે ૨૫મી જાન્યુઆરીના રોજ મતદાન દિવસની ઉજવણી ત્યારબાદ સાંજે ૭.૦૦ કલાકે ગુજરાતી ગઝલ કલાકાર સમ્રાટ મનહર ઉદાસ દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેની તડામાર તૈયારીઓ વહીવટીતંત્ર દ્વારા આરંભાઈ દેવાઈ છે જેના સ્થળનું નિરીક્ષણ કરવા માટે પાટણ જિલ્લાના એસ.પી. પરિક્ષીતાબેન રાઠોડ, સિદ્ધપુરના પી.આઈ., પાટણ એ ડીવીઝન પી.આઈ. સિંધાલ, તેમજ પાટણ ભાજપ શહેર પ્રમુખ મનોજભાઈ પટેલ સ્થળ પર આવી નિરીક્ષણ કર્યું હતું તેમજ જિલ્લાનો સાંસ્કૃતિક કાર્યક્રમ હોવાના કારણે મોટો વિશાળ પાર્કિંગ માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે કોઈ અનઈચ્છનીય બનાવ ન બને તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે તેવું એસ.પી.એ જણાવ્યું હતું.

## અમદાવાદ-મોડાસા ધોરી માર્ગનું નવિનીકરણ થશે

તલોદ, તા. ૨૪

અમદાવાદ-મોડાસા રાજય ધોરી માર્ગ, મોડાસા-તલોદ-ગાંધીનગર માર્ગ અને તલોદ-હિંમતનગરને જોડતા વાવડી ચાર રસ્તાથી ઉજેડીયા તરફ જતા ક્ષતિગ્રસ્ત માર્ગનું નવિનીકરણ કરવામાં આવશે. કેન્દ્ર સરકારે રૂ. ૩.૯૦ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરતા પંથકની પ્રજામાં આનંદની લાગણી ઉદભવી છે. છેલ્લા ઘણા સમયથી આ માર્ગ ઉપરથી વાહન હંકારનાર અને વાહનમાં મુસાફરી કરનાર ન છૂટકે પણ ઉંટ ઉપર સવારી કરતા હોય તેમ જણાય છે. ઉપરાંત આ માર્ગ પર અનેક કારખાના, કોર્ટ, દેવ મંદિરો તથા શૈક્ષણિક સંસ્થાઓ પણ આવેલી છે ત્યારે આ માર્ગના નવિનીકરણથી આગામી દિવસોમાં આમ પ્રજાને યોગ્ય રોડ માર્ગની સુવિધા હવે મળી રહેશે.

## કંડકટર વગર ચાલતી એક્સપ્રેસ બસો ફારસરૂપ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં એસ.ટી. બસ વહીવટીતંત્ર દ્વારા અમદાવાદ સહિતના રૂટની એક્સપ્રેસ બસો માત્ર ડ્રાયવરથી સંચાલિત કરાતા ટીકીટો વહેંચવા સહિત કામગીરી માટે બસને વારંવાર થોભાવવી પડતા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કંડકટર વગરની બસોને કારણે મુસાફરોનો સમય તો વેડફાઈ રહ્યો છે પરંતુ સાથે સાથે વારંવાર ડ્રાઈવર અને મુસાફરો વચ્ચે ચકમક ઝરવાના કિસ્સા પણ વધી રહ્યા છે.

એસટી. નિગમના ફારસરૂપ સાબિત થયેલા કંડકટર વિહીન બસો ચલાવવાના નિર્ણયને કારણે મુસાફરો વગર વાંકે હેરાન થઈ રહ્યા છે. હિંમતનગર-અમદાવાદ સહિતની એક્સપ્રેસ બસો કંડકટર વગર દોડાવાઈ રહી છે. જેમાં બસ સ્ટેશનેથી બસ ઉપડ્યા બાદ થોડેક દૂર ઉભી રાખી ડ્રાઈવર દ્વારા ટીકીટ બુકીંગ કરવામાં આવે છે અને આવુ વારંવાર અન્ય સ્ટેશનોએ પણ કરવામાં આવે છે. આમ વારેઘડીયે બસ થોભાવવાના કારણે મુસાફરોને એક્સપ્રેસ બસનું મોંઘુ ભાડુ ચુકવવા છતાં કામના સ્થળે યોગ્ય સમયે પહોંચી શકતા નથી અથવા તો તેમના કાર્યક્રમો ખોરવાઈ જાય છે. કેટલીકવાર એક સ્થળે પહોચી ત્યાંથી અન્ય સ્થળે જવા બસ કે ટ્રેન પકડવાની હોય તો તે ચુકી જવાના બનાવો પણ બની રહ્યા છે. અમદાવાદ, વડોદરા કે અન્ય દૂરના સ્તળે બસ સીધી અને સમયસર પહોંચાડે તેવી મુસાફર જનતાની માંગણી ઉઠવા પામેલ છે.

### માનવતા મરી પરવારી નથી

## દાગીના ભરેલી બેગ યુવાને પરત કરી

પ્રાંતિજ, તા. ૨૪

રાજયની અંદર ઠેર ઠેર નાના મોટા શહેરમાં તસ્કરોએ રાતોરાત રૂપિયા કમાવા બેંકો અને દુકાનોને નિશાન બનાવી રહ્યા છે. ત્યારે આનાથી તદન અલગ એક પ્રામાણિકતાનો કિસ્સો આજે પ્રાંતિજમાં બનવા પામ્યો હતો. યુવાને ૮૦ હજારના દાગીના ભરેલ પાકીટ મુળ માલિકને પરત કરી માનવતા મહેકાવી છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

આ ઘટનાની વિગત એવી છે કે મકરસંક્રાતિ પર્વે પ્રાંતિજમાં રહેતા ઉષાબેન સોની નામની મહિલા રૂ. ૮૦ હજારની કિંમતના દર દાગીના પાકીટમાં લઈ જઈ રહ્યા હતા. દરમિયાન ઉષાબેનનું દાગીના ભરેલુ પાકીટ માર્ગમાં ક્યાંક પડી ગયું હતું. રસ્તે પડેલ આ અજાણ્યા પાકીટ પર રાહદારી મહેન્દ્રભાઈ પટેલ અને રમેશભાઈની નજર પડતા તેને ઉઠાવી મૂળ પાકીટ માલિકની શોધખોળ હાથ ધરી હતી અંતે ૧૦ દિવસ બાદ આજે મુળ માલિક ઉષાબેન સોની મળી જતા તેઓને રૂ. ૮૦ હજારના દરદાગીના ભરેલુ પાકિટ પરત કરતા મહેન્દ્રભાઈ અને રમેશભાઈની પ્રામાણિકતાની ચોમેર પ્રસંશા થઈ રહી છે.

## ડીસામાં જમીન વિહોણા ખેત મજુર તેમજ માજી સૈનિકોને જમીન ફાળવાઈ

ડીસા, તા. ૨૪

ડીસા નજીકના નવનિર્મિત લાખણી તાલુકામાં આવેલા માણકી ગામે ભુમીવિહોણા ખેત મજુરો તેમજ માજી સૈનિકોને જમીન ફાળવણી કરવામાં આવેલ છે. ડીસાના નાયબ કલેકટર દિગંત બ્રહ્મભટ્ટની અધ્યક્ષતાએ યોજાયેલી બેઠકમાં આ લગતો ન્યાયિક હુકમ કરી પંદર જેટલા લાભાર્થીઓને પ્રત્યેક લાભાર્થી દીઠ બે એકર ખેતીની જમીન ફાળવવામાં આવતા વર્ષોથી જમીન માંગણી માટે જજુમતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ હતી.

જમીન વિહોણા ખેત મજુરો તેમજ માજી સૈનિકોને સરકાર દ્વારા જમીન ફાળવણી હેતુ નવનિર્મિત લાખણી તાલુકાના માણકી ગામના સર્વે નંબર ૩૦ પૈકીની ૧ વાળી જમીનમાંથી ૩૦ એકર જમીન આ લાભાર્થીઓને ફાળવવા કાર્યવાહી હાથ ધરાઈ હતી અને આ મામલે ૨૫-૧૦-૨૦૧૩ના રોજ જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું હતું અને તે બાદની કાર્યવાહીમાં નીયત સમય મર્યાદામાં ૩૮૧ જેટલા અરજદારોએ જમીન માટેની માંગણી કરી હતી જેમાં ઘણા વર્ષો બાદ ડીસાના નાયબ કલેકટર અને સબડીવીજનલ મેજીસ્ટ્રેટ દિગંત બ્રહ્મભટ્ટની અધ્યક્ષતાએ ડીસા એસ.ડી.એમ. કચેરી ખાતે લેન્ડ કચેરી યોજાઈ હતી. આ બેઠકમાં ગામના આગેવાનો, સરપંચ તેમજ તલાટી વિગેરે હાજર રહ્યા હતા અને આ બેઠકમાં સરકારશ્રીના ધારાધોરણો અને નિયમો સાથે યોગ્ય સાધનીક કાગળો રજુ કરી યોગ્યતા ધરાવતા પંદર લાભાર્થીઓને બેએકરની મર્યાદામાં જમીન ફાળવાઈ હતી. આ લાભાર્થીઓમાં ૮ માજી સૈનિકો તેમજ ૭ જમીન વિહોણા ખેત મજુરો હતા. જેઓને સરકાર તરફથી જમીન ફાળવણી કરાતા આ પરીવારોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

## હિતેશ ઝવેરી હત્યા કેસ : પગેરૂં શોધતી ક્રાઈમ બ્રાન્ચ પાલનપુર પહોંચી

અમદાવાદ, તા. ૨૪

હિતેશ ઝવેરી લૂંટ વિથ હત્યાકેસની તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાન તરફ તપાસનો દોર લંબાવ્યો છે. જોકે બુલિયનના માલિક મૃતક હિતેશ ઝવેરીએ એક વર્ષ પહેલાં તેમને ત્યાં કામ કરતા રાજસ્થાનના એક કર્મચારીને કાઢી મૂક્યો હતો. આ કર્મચારી લૂંટ વિથ હત્યાકેસમાં સામેલ હોવાની શંકાને આધારે ક્રાઈમ બ્રાન્ચે એક હત્યારાને પાલનપુરથી પકડ્યો હોવાની ચર્ચા શહેરમાં ચાલી હતી. પરંતુ આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે કોઈની ધરપકડ કે અટકાયત કરી ન હોવાની સ્પષ્ટતા કરી હતી. અમે શકમંદની તપાસ કરી રહ્યા છીએ કે શર્મા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન